જન્મદિને વધામણી

હિનાબેન ગગલાણી
એડવોકેટ અને નોટરી
મો. ૯૮૨૪૩ ૯૯૧૨૧

માલાબેન જીજ્ઞાસુ વોરા
ફોન : ૨૩૨૧૧૧૨૦

બિન્દુ ધર્મેશ પ્રજાપતિ
મો. ૯૬૮૭૩ ૧૪૪૧૩

ચિન્મય જે દવે

ધ્રુવિલ અલ્પેશકુમાર જોષી
મો. ૯૦૧૬૮ ૬૩૬૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ગાંધીનગર શહેરનો વિદ્યાર્થી બિલ્વ પટેલ જેઈઈ ઍડવાન્સમાં રાષ્ટ્રકક્ષાએ ઝળક્યો

ગાંધીનગર, તા. ૧૩

જય અંબે પરિવારના લલિતભાઈ પટેલના નાના ભાઈ લિનેશભાઈ પટેલના પુત્ર બિલ્વ પટેલે જેઈઈ ઍડવાન્સ પરીક્ષામાં પાસ થઈ રાષ્ટ્રકક્ષાએ પોતાનું તથા શહેરનું નામ ઉજાળ્યું છે.

જેઈઈ ઍડવાન્સની પરીક્ષા દેશના ૧૩ લાખ વિદ્યાર્થીઓએ આપી હતી, જે પૈકી ૨ લાખ વિદ્યાર્થીઓ ક્વૉલિફાઈ થયા હતા. ક્વૉલિફાઈ થનારા દેશના વિદ્યાર્થીઓ પૈકી બિલ્વને ૮૫૫મો રૅન્ક અને ગુજરાતમાં ૧૪મે રૅન્ક પ્રાપ્ત થયો હતો.

ઉલ્લેખનીય છે કે બિલ્વ પહેલેથી જ અભ્યાસમાં તેજસ્વી છે અને હંમેશાં ક્લાસ તથા સ્કૂલ ટૉપર રહ્યો છે. પ્રતિવર્ષ તેણે ૯૫ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે અને હવે રાષ્ટ્રકક્ષાએ લેવાયેલી પરીક્ષામાં પણ સફળતા પ્રાપ્ત કરી તેણે શહેરનું નામ રોશન કર્યું છે.

કલોલ રેડક્રૉસ બ્લડ બૅન્ક દ્વારા આજે "વિશ્વ રક્તદાન દિવસ" ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે બુધવારે કલોલ રેડક્રોસ બ્લડ બેન્ક દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં સંસ્થાના માનદ મંત્રી દિલીપભાઈ દવેએ જણાવ્યું છે કે સમગ્ર વિશ્વમાં ઇસ ૨૦૦૪થી જૂન માસની ૧૪ તારીખે 'વિશ્વ રક્તદાન દિવસ' મનાવવામાં આવે છે. આ દિવસે જરૂરિયાતમંદ વ્યક્તિઓને રક્ત પૂરું પાડી તેમનું જીવન બચાવવા માટે મદદરૂપ થવામાં આવે છે અને તે કારણસર રક્તદાન અંગે જાગરૂકતા પણ લાવી શકાય છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી માનવતાવાદી કામગીરીમાં અગ્રીમ સ્થાન ધરાવે છે. આ સંસ્થાની ગાંધીનગર જિલ્લામાં કાર્યરત કલોલ રેડક્રોસ બ્લડ બેન્કે વિશ્વ રક્તદાન દિવસે રક્તદાન કેમ્પ, વિવિધ શિબિરો તેમજ જાગરૂકતા લાવવા માટેના કેટલાક અભિનવ કાર્યક્રમોનું આયોજન બુધવાર, તા. ૧૪ જૂનના રોજ કર્યું છે. સવારના ૯થી બપોરના ૧૨ દરમ્યાન આ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે, જેમનો લાભ લેવા માટે સૌ નાગરિકોને તેમણે ઇજન પાઠવ્યું છે.

કલોલ રેડક્રોસ દ્વારા અગાઉ પણ આવા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને પારિતોષિક મેળવવાની હેટ્રીક પણ નોંધાવવામાં આવી હતી એવું તેમણે વધુમાં જણાવ્યું છે.

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીની અંજલી યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ચીન જશે

૧૬થી ૨૫ જૂન દરમ્યાન ચીનમાં શાંઘાઈ, બેઈજિંગ, જીયાન અને નાનજીંગ જેવાં શહેરોની મુલાકાત લેશે

ગાંધીનગર, તા. ૧૩

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટની વિદ્યાર્થીની અંજલી પંકજભાઈ પટેલની પસંદગી ભારત સરકારના યુવા, સાંસ્કૃતિક અને રમતગમત મંત્રાલય દ્વારા યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ ચીન જવા માટેના ભારતના પ્રતિનિધિમંડળમાં થઈ છે.

ઉલ્લેખનીય છે કે અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ઍનઍસઍસ વિભાગ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયમાંથી ચીન જનારી તે પહેલી વિદ્યાર્થીની બનશે. રાજ્યભરમાંથી આ ટીમ માટે અંજલીની પસંદગી થતાં કૉલેજ અને યુનિવર્સિટી પરિવારે આનંદ અને હર્ષની લાગણી વ્યક્ત કરી છે.

અંજલી અગાઉ પ્રિઆરડીસી કૅમ્પમાં નાગપુર જઈ આવી છે, જેમાં શ્રેષ્ઠ દેખાવ બાદ રીપબ્લિક ડે પરેડ, નવી દિલ્હી માટે તેની પસંદગી થઈ હતી, જ્યાં એક માસ સુધી તેણે જુદી-જુદી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સમગ્ર ગુજરાતનું અને કડી સર્વ વિશ્વવિદ્યાલયનું ગૌરવ વધાર્યું હતું.

આ શ્રેષ્ઠ દેખાવને કારણે જ ચીન જવા માટેના પ્રતિનિધિમંડળમાં તેની પસંદગી થઈ છે. આગામી તારીખ ૧૬થી ૨૫ જૂન દરમ્યાન ચીનમાં શાંઘાઈ, બેઈજિંગ, જીયાન અને નાનજીંગ જેવાં શહેરોની તે મુલાકાત લેશે.

અંજલીને સંપૂર્ણ માર્ગદર્શન કૉલેજના ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવી તરફથી અને સહયોગ ઍનઍસઍસ ગુજરાતના રિજનલ ડિરેક્ટર કમલકુમાર કર તરફથી પ્રાપ્ત થયો હતો, જેમના સહિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ પટેલ, ડિરેક્ટર ડી ટી કાપડિયા, કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા તરફથી અંજલીને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૧
હાઉસફૂલ ૩
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૨
ટીન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૪૫

સ્ક્રીન-૩
વૉરક્રાફ્ટ (૩ડી અંગ્રેજી)
૨.૩૦, ૭.૩૦
વૉરક્રાફ્ટ (૩ડી હિન્દી)
૫.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
હાઉસફૂલ-૩
૧૦.૦૦
દો લફ્ઝોં કી કહાની
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

સૅ. ૩ ન્યૂ વસાહત મંડળની સાધારણ સભા આજે રાત્રે

ગાંધીનગર, તા. ૧૩

વસાહત મંડળ, સૅક્ટર-૩ ન્યૂની વાર્ષિક સાધારણ સભા બુધવાર, તા. ૧૬ જૂનના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સૅક્ટર-૩ ન્યૂના બગીચા ખાતે રાખવામાં આવી છે. જેમાં સૅક્ટરના સર્વ વસાહતી ભાઈ-બહેનોને ઉપસ્થિત રહેવા કાર્યકારી પ્રમુખ સુરેશભાઈ જોષી અને મહામંત્રી સંજય ભોંસલે દ્વારા જણાવવામાં આવ્યું છે.

ડૉ. હેમંત પંડ્યા લિખિત નવલકથા 'હેલ્લો મિસ્ટર સત્યમ'નું વિમોચન

ગાંધીનગર, તા. ૧૩

શિક્ષણ, ચિત્રકલા અને ફોટોગ્રાફી ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર ડૉ. હેમંત પંડ્યાએ 'હેલ્લો! મિસ્ટર સત્યમ!' નવલકથા લખીને સાહિત્યક્ષેત્રે ડગ માંડ્યા છે. આ પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કવિ અશોક મુનશીએ કર્યો છે.

ડૉ. હેમંત પંડ્યા લિખિત આ પ્રથમ નવલકથાનું વિમોચન પત્રકાર રમેશ તન્ના તથા વિશ્વ હિન્દુ પરિષદના ડૉ. કૌશિકભાઈ મહેતાની ઉપસ્થિતિમાં નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું.

ડૉ. હેમંત પંડ્યા અમદાવાદના નિકોલ ગામના વતની છે અને ગામની રામેશ્વર સ્કૂલમાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. શિક્ષમ, ચિત્રકલા, ફોટોગ્રાફી ક્ષેત્રે તેમણે નોંધપાત્ર સિદ્ધિઓ તથા પુરસ્કાર, પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યાં છે. અગાઉ તેમની સાત પુસ્તિકાઓ પ્રકાશિત થઈ ચૂકી છે અને વિવિધ સામયિકો, સમાચાર પત્રોમાં તેમના લેખ, તસવીરો પ્રકાશિત થાય છે.

દિલ્હી પ્રેસના 'ઍલાઈવ' મૅગેઝિનમાં ૬૦ જેટલા પુરસ્કાર પ્રાપ્ત કનાર તેઓ એકમાત્ર ગુજરાતી તસવીરકાર છે અને દિલ્હીની ઍનજીઓ 'અવંતિકા' તરફથી ૧૦ વખત સન્માનિત થનાર એકમાત્ર ગુજરાતી પ્રિન્સિપાલ છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં ૭૧૦૦૦ બેઠકો માટે ૪૮૦૦૦ વિદ્યાર્થીઓ

રજિસ્ટ્રેશન કરાવનારા બધા જ વિદ્યાર્થીઓ ઍડમિશન લઈ લે તો પણ ૨૩ હજાર બેઠકો ખાલી રહે

ગાંધીનગર, તા. ૧૩

ધો.૧૨ સાયન્સ એ ગ્રૂપ પછી ડિગ્રી એન્જિનિયરિંગ માં પ્રવેશ માટે ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પુરી કરી દેવામાં આવી છે. છેલ્લા દિવસ સુધીમાં ૪૮ હજાર વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

અલબત્ત, રાજયમાં ડિગ્રી એન્જિનિયરિંગની ૭૧ હજાર બેઠકો છે. રજિસ્ટ્રેશન કરાવનારા તમામ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી લે તો પણ ૨૩ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે. જેના લીધે મેરિટ થોડું નીચું જાય તેમ માનવામાં આવી રહ્યું છે. વળી એવું પણ બને છે કે જે વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોય તેમાંથી અંદાજે પાંચ હજાર વિદ્યાર્થીઓ અન્ય કોર્સમાં પ્રવેશ મેળવી લેતાં હોય છે. આ વર્ષે પણ સામાન્ય રીતે એવું બનશે, તેથી ચાલુ વર્ષે ખાલી બેઠકોનો આંકડો અંદાજે ૩૦ હજાર સુધી પહોંચે તેવી શકયતા પ્રવેશ સમિતિના સભ્યો વ્યક્ત કરી રહ્યા છે.

ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે હવે મેરિટલિસ્ટ જાહેર કરીને મોક રાઉન્ડ માટે ચોઇસ ફિલિંગ શરૂ કરવામાં આવશે. ચાલુ વર્ષની પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓ પાસે વિકલ્પો વધારે હોવાથી મેનેજમેનટ કવોટામાં જવું પડે તેવી કોઇ શકયતા નથી. ૧૩૮ કોલેજોમાં કુલ મળીને ૭૧ હજાર બેઠકો ઉપલબ્ધ છે. ચાલુ વર્ષે હજુ બે કે ત્રણ કોલેજોને મંજૂરી મળે તેવી શકયતા છે. જેના લીધે બેઠકોનો આંકડો હજુ વધારે થશે. ગયા વર્ષે ૨૨ હજારથી વધારે બેઠકો ખાલી પડી હતી. આ વર્ષે પરિસ્થિતિ વધારે ખરાબ થાય તેમ છે. પ્રવેશ સમિતિના સૂત્રો કહે છે જેટલા વિદ્યાર્થીઓએ અરજી કરી છે તે પૈકી અંદાજે ૪થી ૫ હજાર વિદ્યાથીઓ જુદી જુદી જગ્યાએ પ્રવેશ મેળવી લેતા હોય છે. આ પ્રમાણે ગણતરીમાં ૩૦ હજારથી વધારે બેઠકો ખાલી પડશે. આ સ્થિતિમાં બે રાઉન્ડ પુરા કર્યા બાદ ખાલી પડનારી બેઠકો કોલેજોને ભરવા માટે આપી દેવામાં આવશે. જે વિદ્યાર્થીઓ બીજા તબક્કા પછી સીધા કોલેજોમાં પ્રવેશ લેવા ઇચ્છતાં હોય તેઓએ પણ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ખાલી પડનારી બેઠકો કોલેજોને જેઈઈ વગર પણ ભરવાની મંજૂરી અપાશે પરંતુ વિદ્યાથીઓએ આ માટે રજિસ્ટ્રેશન કરાવી લેવું પડશે. ફાઇનલ મેરિટલિસ્ટ આગામી તા.૧૫મી જાહેર કરવામાં આવશે. મોક રાઉન્ડ પુરો થયા પછી ફાઇનલ રાઉન્ડ માટે ૨૪મી પછી ચોઇસ ફિલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ દરમિયાન ઇબીસી કવોટા અંગે હાઇકોર્ટમાં દાખલ થયેલી અરજી અંગે પણ ચુકાદો આવી જશે એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમદાવાદ જિલ્લાના ઘુમા ગામની પ્રાથમિક શાળામાં પ્રૌઢ શિક્ષણ વર્ગનો શુભારંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૩

રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે અમદાવાદ જિલ્લાના ઘુમા ગામમાં વર્ષો પહેલાં કોઈ ને કોઈ કારણોસર પ્રાથમિક શિક્ષણ મેળવવાથી વંચિત રહી ગયેલા વડિલોને અક્ષરજ્ઞાન આપવાના ઉમદા હેતુથી પ્રૌઢ શિક્ષણ વર્ગનો શુભારંભ કરવામાં આવ્યો છે. ઘુમા ગામની પ્રાથમિક શાળામાં શરૂ કરવામાં આવેલ પ્રૌઢ શિક્ષણ વર્ગમાં વડિલોને સતત ૩૦ દિવસ સુધી શિક્ષણ આપવામાં આવશે અને સામાન્ય લેખન વાંચન શિખવવામાં આવશે. બોપલ ઘુમા નગરપાલીકાના કાઉન્સિલર મનિષા રાવલે જણાવ્યુ હતુ કે, ઘુમા ગામની પ્રાથમિક શાળામાં સાક્ષરતા અભિયાન અંતર્ગત ટીસીએસ કંપનીના સહયોગથી પ્રૌઢ શિક્ષણ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વર્ષો પહેલાં કોઇ ને કોઇ કારણોસર શિક્ષણ મેળવવાથી વંચિત રહી ગયેલા ઘુમા ગામના ૬૦ થી વધુ વડિલોને શોધવામાં આવ્યા છે અને તેઓને ક્રમશઃ અક્ષરજ્ઞાન આપવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

પ્રૌક્ષ શિક્ષણના પ્રથમ વર્ગમાં ૨૦ વડિલોને સતત ૩૦ દિવસ સુધી સામાન્ય શિક્ષણ આપવામાં આવશે, થોડા દિવસોમાં પ્રૌઢ શિક્ષણના બીજા વર્ગની પણ શરૂઆત કરવામાં આવશે. પ્રૌક્ષ શિક્ષણના વર્ગ ચલાવવા માટે શાળા પરિવાર, રોટરી ક્લબ સહિત અનેક લોકો મદદરૂપ બની રહ્યા છે.

સરળતાથી જે મળી જાય એનું મૂલ્ય ન સમજાય

આત્મનાદ
પુલક ત્રિવેદી

ચિંતક અને લેખક ટોલેમી કહે છે કે 'હું મર્ત્ય અને ક્ષણભંગુર છું પણ જ્યારે દીવ્ય સ્વરૂપે સમજણની પાંખ ફેલાવું છું ત્યારે આસમાનના દેવ (ઝુઅસ) સમક્ષ ઊભો રહી દિવ્ય અમૃતનો આનંદ લઈ શકું છું'. રિચાર્ડ ડોકીન્સે લખ્યું કે 'ઈશ્વર સાથેના વિશ્વ કરતાં ઈશ્વર વગરનું વિશ્વ તદ્દન જુદું હશે. ભૌતિક વિજ્ઞાન હોય કે જીવ વિજ્ઞાન, પરંતુ જ્યાં પરમાત્મા હશે તે વિશ્વ સાવ અલગ અને અલૌકિક હશે.'

પ્રારંભમાં આ બે ચિંતકોના ખ્યાલો પ્રસ્તુત કરવા પાછળનો મુખ્ય આશય તેમણે વ્યક્ત કરેલા વિચારો વચ્ચેના સમયની અવધિની સમજનો છે. ટોલેમી છેક બીજી સદીમાં એલેક્ઝાન્ડ્રીયામાં થઈ ગયા. અને ડોકીન્સ રિચાર્ડ આજના યુગના દાદુ 'થિંકર' છે. આટલા લાંબા સમયગાળામાં થઈ ગયેલાં આ બે વિચારકો અને ચિંતકોનો મત એક છે કે, પરમાત્મા અને ઐશ્વર્યની પ્રેરણા વૈજ્ઞાનિક વિચારોના માર્ગેથી જ પ્રાપ્ત થાય છે.



પ્રકાશ અને શ્વાસ. આ બે તત્ત્વોનું જીવનમાં ગજબનું સ્થાન છે. 'પ્રકાશ' એટલે 'પરમેશ્વર'. અંધકારનો પણ એક અલગ 'ઉજાસ' હોય છે. આ પૃથ્વીનો જન્મ જ એક જબરજસ્ત પ્રકાશપુંજથી થયો. એક તેજ લીસોટા જેવા પ્રકાશપુંજથી થયો. એક ઝબકારો... 'બીગ બેંગ'. આ 'બીગ બેંગ'ના આશરે નવેક અબજ વર્ષ પછી સૂર્યમંડળ બન્યું. એવું કહેવાય છે કે, હાઈડ્રોજન અને અલ્પાંશ તત્વોનું બનેલું એક આણવિક વાદળનું ટૂટવાનું શરૂં થયું હશે. અને તેના મધ્યમાં એક જબરજસ્ત મોટો ગોળો બન્યો. અને પછી તે સૂર્ય તરીકે ઓળખાયો. આ ગોળાની આસપાસ-ચોપાસ ફરતે એક રકાબી રચાતી ગઈ. એકમેકના સંયોજન દ્વારા તેમાંથી નાના નાના પદાર્થો અસ્તિત્વમાં આવ્યા. અને ક્રમે તે ગ્રહો તરીકે ઓળખાયા. આ આખી વાત વધુ આસાનીથી ત્યારે ખબર પડી કે, જ્યારે ચારસો વર્ષ પહેલાં ગેલેલીયોએ પ્રથમ ટેલીસ્કોપની શોધ કરી. સૌર મંડળ, આકાશ ગંગા, તારાઓના સમૂહ અને અનેક ગેલેક્ષીઓ આપણી આંખો સામે ગેલેલીયોએ લાવી દીધી.

આ આખી વાતના મૂળમાં છે 'પ્રકાશ'. એક મોટો 'ધડાકો - બિગબેંગ'. પ્રકાશના તેજ પુંજમાંથી પ્રગટી સૃષ્ટિ. સૃષ્ટિનો જનક પ્રકાશ- અને પ્રકાશ એટલે જ પરમાત્મા. એ વાત પણ એટલી જ સત્ય છે કે, જેનો આરંભ છે એનો અંત છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો સિદ્ધાંત કહે છે કે, આ જગત એક શાશ્વત લોલકને અનુસરે છે. હંમેશા એની શરૂઆત એક 'બિગબેંગ'થી થાય છે. અને તેનો અંત 'બિગક્રંચ'થી થાય છે. એટલે કે, આ વિશ્વ જ્યાં સુધી વિસ્તરવાનું ચાલુ રહેશે, જ્યાં સુધી પદાર્થોનું ગુરુત્વાર્ષણ તેને અંદરની તરફ ખેંચીને તેનું મહાસંકોચન(બિગક્રંચ) કરે. જોકે આ 'બિગક્રંચ' ક્યારે, કેવી રીતે અને કયા સંજોગોમાં થશે તેના સમયને અનુમાનિત કરવું શક્ય નથી પણ 'બિગક્રંચ' આવશે એમાં વિદ્વાનોમાં બે મત નથી.

આધ્યાત્મિકતા અને ઐશ્વર્યની અભિપ્સા માટે આપણે જે પ્રચલિત શબ્દનો પ્રયોગ કરીએ છીએ એ શબ્દ 'સ્પિરીટ'. આ 'સ્પિરીટ' શબ્દનું મૂળ લેટિન શબ્દ 'સ્પીરેર' છે. 'સ્પીરેર' એટલે 'શ્વાસ લેવો'. જીવનની ઊર્જા પ્રકાશના માર્ગે સૌથી પહેલી અને પ્રાથમિક વાત એટલે 'સ્પીરેર-શ્વાસ'. શ્વાસ એટલે હવા અને હવા અંતે તો એક પદાર્થ જ. હવે જરા 'સ્પીરેર' શબ્દ ઉપરથી બનેલા 'સ્પીરીટ' શબ્દને તપાસીએ. દેખાય છે તેમાં કોઈ આધ્યાત્મિક કનેકશન? જી હા, બિલકુલ. આપણા જીવનનાં બે સૌંદર્યતમ પાસાં : એક પ્રકાશ અને બીજો શ્વાસ. બનેનું જીવ અને શિવ સાથેનું આદિ -અનાદિકાળથી કનેકશન. વિદ્વાનો અને ચિંતકોએ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે આ સત્યની સનાતન સ્વરૂપ સમજ આપી છે. આપણા જીવનનો અર્થ અને અર્ક જ એમાં સમાયેલો છે. સામાન્ય રીતે જે સરળતાથી મળી જાય એનું મૂલ્ય સમજ ન પડે. પ્રકાશ અને શ્વાસનું પણ એવું જ છે, પરમાત્મા સમાન આ બે અમૂલ્ય તત્ત્વના સુખની સાચી સમજ જીવનને ભવ્ય અને દિવ્ય બનાવી દે.

ધબકાર

આમ જો કહેવા હું બેસું તો યુગો વિતી જશે, આમ જો તું સાંભળે તો એક ક્ષણની વાત છે...

-ભગવતીકુમાર શર્મા

વાચકોને આમંત્રણ

'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

'મારા પ્રેમાળ પાડોશી'

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે